# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા શ્રી રાજસોભાગ સત્સંગમંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૪ અને ૫ નવેમ્બર, ૨૦૧૭ના રોજ એક વિરલ સાહિત્ય-પરિસંવાદનું આયોજન થયું હતું. આ આયોજન શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મ-જયંતીના વર્ષની ઉજવણીના ભાગ રૂપે સાયલા મુકામે શ્રી રાજસોભાગ આશ્રમ ખાતે થયું હતું. તા. ૪ના રોજ સત્રના પ્રથમ દિવસે સવારે ૧૦-૦૦ કલાકે શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાના અધ્યક્ષસ્થાને ઉદ્ઘાટન બેઠકનો આરંભ થયો હતો. પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તેમણે આ તકે મંગલભાવ પ્રગટ કરતું ઉદ્બોધન કર્યું હતું. શ્રીમતી મીનળબહેન શાહે આવકારવચનો કહ્યાં હતાં. આ પ્રથમ બેઠકમાં સર્વશ્રી પ્રફુલ્લ રાવલ અને રાજેન્દ્ર પટેલે અનુક્રમે 'શ્રીમદ્ રાજચંદ્રની જીવનકળા' તથા 'શ્રીમદ્જીનું સાહિત્યસર્જન અને પદ્ય/ગદ્યની વિશેષતાઓ' વિષયો પર વક્તવ્યો આપ્યાં હતાં. અધ્યક્ષીય ઉદ્બોધનમાં શ્રી ટોપીવાળાસાહેબે 'શ્રીમદ્ની કવિતાપ્રવૃત્તિને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈ/તપાસી હતી. 'અર્વાચીન કવિતા'(સુંદરમ્)માંથી અવતરણ ટાંકીને શ્રીમદ્જીની કવિતાને સદૃષ્ટાંત તપાસી હતી. અને તેમનું ભાષા કર્મ કેવું છે તે સમજાવ્યું હતું. દલપતરામ કવિનો શ્રીમદ્ પર પડેલો પ્રભાવ સરસ છે તેમ નોંધ્યું હતું. બેઠકનું સંચાલન શ્રી ચંદ્રકાન્ત વ્યાસે કર્યું હતું. સમગ્ર બેઠક અભ્યાસલક્ષી રહી હતી અને વધુ અભ્યાસ પ્રતિ રાહ ચીંધનારી હતી.

પરિસંવાદની બીજી બેઠકનો પ્રારંભ પ્રથમ દિવસે બપોરે ૨-૩૦ કલાકે થયો હતો. આ બેઠકના અધ્યક્ષશ્રી રઘુવીર ચૌધરી હતા. બેઠકનું સંચાલન શ્રી યોગેશ જોષી કરવાના હતા, પરંતુ તેમની અનુપસ્થિતિના કારણે અધ્યક્ષશ્રીએ એ કાર્યભાર સંભાળ્યો હતો. વક્તાઓ હતા, સર્વશ્રી લાભશંકર પુરોહિત, નિરંજન રાજ્યગુરુ અને નાથાલાલ ગોહિલ. તેઓએ અનુક્રમે 'શ્રીમદ્જીની આધ્યાત્મિક સાધનાગતિ', 'શ્રીમદ્ રાજચંદ્રનાં અધ્યાત્મપદો' અને 'શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વવિચાર' વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. વ્યાખ્યાન આપતી વખતે નિરંજન રાજ્યગુરુએ તથા લાભશંકર પુરોહિતે સુંદર ગાન દ્વારા શ્રીમદ્જીની તથા અન્ય સંતોની વાણીનો મધુર આસ્વાદ કરાવ્યો હતો. સંચાલન દરમિયાન તથા અધ્યક્ષીય ઉદ્બોધન સમયે શ્રી રઘુવીર ચૌધરીએ કહ્યું કે 'મૂળ વાત સ્વાધ્યાયની હતી. આયોજન સ્વાધ્યાયલક્ષી છે.' આ બેઠક આસ્વાદ્ય અને સ્મરણીય રહી.' આ તકે રઘુવીરભાઈએ વિક્રમભાઈ તથા મિનલબહેનને પુસ્તક ભેટ આપ્યાં હતાં તે અંગે ઉલ્લેખ કરતાં કહ્યું કે તેમાં ભરત અને બાહુબલિની વાત છે. અહિંસાની તેમાં વાત છે. રાત્રે મનોરંજન-કાર્યક્રમનું આયોજન થયું હતું.

બીજા દિવસે તા. ૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સત્રની બીજી બેઠકનો આરંભ થયો હતો. અધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈ સંજોગોવશાત્ ઉપસ્થિત રહી શક્યા ન હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી રૂપા શેઠે સંભાળ્યું હતું. આ બેઠકના વક્તા સર્વશ્રી વિક્રમભાઈ

શાહ, ગુણવંત બરવાળિયા અને સેજલ શાહે અનુક્રમે ‘શ્રીમદ્ રાજચંદ્ર અને સૌભાગ્યભાઈનો અંતરમેળ’, ‘શ્રીમદ્‌જીના સર્જનનું આધ્યાત્મિક મૂલ્ય’ અને ‘આત્મસિદ્ધિશાસ્ત્ર : જ્ઞાનસરિતામાં ડૂબકી’ વિષયો પર વક્તવ્યો આપ્યાં હતાં. વક્તવ્યો ભાવસભર હતાં અને મુમુક્ષુઓને તેમ જિજ્ઞાસુઓને આધ્યાત્મિક માર્ગ તરફ દોરી જનારાં હતાં, કહો કે આત્મનિમજ્જન પ્રતિ પ્રેરનારાં હતા. શ્રી ચંદ્રકાન્ત વ્યાસે શ્રીકુમારપાળ દેસાઈનાં લેખિત વ્યાખ્યાન - ‘શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી’માંથી વાચન કરીને ટૂંકસાર કહ્યો હતો.

અંતમાં પરિષદ વતી શ્રી હરિકૃષ્ણ પાઠકે આભારવિધિ કરી હતી અને યજમાન સંસ્થા વતી શ્રી ચંદ્રકાન્ત વ્યાસે આભાર માન્યો હતો. ત્યારબાદ ‘હૈયા હેલે ચડ્યા…’ પદગાન સાથે સર્વશ્રી મીનળબહેન તથા અનેક અન્ય બહેનોએ સ્વયંભૂ પ્રેરાઈને રાસ કર્યો હતો. સુંદર અને ભાવસમૃદ્ધ દૃશ્ય સાથે સત્રની સમાપ્તિ થઈ હતી.

## અનુબંધ-૧

અંજલિ મેમોરિયલ કમિટિ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને બળવંત પારેખ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના વડોદરા ખાતે નૃત્યપર્વ-૨૦૧૮ અંતર્ગત ‘સાહિત્ય-નૃત્ય-કલાસંગમ’ કાર્યક્રમમાં રાજેન્દ્ર શુક્લ, હસુ યાજ્ઞિક, જયદેવ શુક્લ અને શ્રીમતી અરુણા ચોકસી હાજર રહ્યાં હતાં. અને મુખ્ય અતિથિ તરીકે ડૉ. સુનિલ કોઠારીએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમ પ્રો. પારુલ શાહના સંચાલનમાં થયો હતો.

## અનુબંધ-૨

ગુજરાતી સાહિત્ય પરિષદ અનુબંધ-૧ કાર્યક્રમની પહેલી કડી તા. ૧૨-૨-૨૦૧૮ના રોજ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના પ્રમુખપદે શ્રી સરસ્વતી વિદ્યાલય – સૂરતમાં યોજવામાં આવી. જેમાં કંચનલાલ મહેતા ‘મલયાનિલ’ની નવલિકા ‘ગોવાલણી’, બંગાળી લેખક જરાસંધની નવલિકા ‘કર્મયોગી’, ફ્રાન્સના લેખક આન્ફોઝ હોહેની નવલિકા ‘છેલ્લો પાઠ’, હિમાંશી શેલતની નવલિકા ‘પાછળ રહી ગયેલું ઘર’નું નાટ્યકરણ કરી મંચન કરવામાં આવ્યું હતું. આ નવલિકાઓનું નાટ્યરૂપાંતર અને દિગ્દર્શન શ્રી પ્રજ્ઞા વશીએ કર્યું હતું. આ પ્રસંગે વિવિધ ભાષા તેમજ વિવિધ કવિઓની કવિતાનું વાચિકમ પણ કરવામાં આવ્યું હતું. જેમાં કવયિત્રી શ્રી અમૃતા પ્રીતમ, શ્રી હરિવંશરાય બચ્ચન, શ્રી શૂન્ય પાલનપુરીની અનુવાદિત રૂબાઈઓ, કવયિત્રી માયા એન્જેલુની અછાંદસ રચના, શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની રચનાઓ તેમજ શ્રી પ્રસૂન જોષીની કવિતાઓનું ભાવવાહી વાચિકમ્ કરવામાં આવ્યું હતું.

## અનુબંધ-૩

ખડકી પ્રા. શાળાના તા. કાલોલ, જિ. પંચમહાલ મુકામે તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ‘લોકવિદ્યા - લોકસંસ્કૃતિ’ સંદર્ભે કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમ સુભાષ હરિજનના સહયોગથી યોજાયો જેમાં બીજરૂપ વક્તવ્ય શિરીષ પંચાલે આપ્યું હતું. ત્યારબાદ લોકગીતનું ગાન થયું હતું. જેમાં ઓમનાથ મદારીએ ભજન ગાયું હતું અને વણજારા તેમજ રાજસ્થાની ગીતનું સમૂહ ગાન થયું હતું. પ્રહ્‌લાદ કોઈરાલાએ ‘કલા એટલે શું ? તેનું જીવનમાં મહત્ત્વ’ વિશે વાત કરી હતી. ગરબો તેમજ લોકગીત,

ઉખાણાં, ઇત્યાદિ કાર્યક્રમો યોજાયા હતા. રાજેન્દ્ર શાહ કૃત 'ઇંધણા વીણવા ગઈ'તી' ગરબા સ્વરૂપે રજૂ થયું હતું. પરિષદપ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્ર અને સુભાષ હરિજને કાવ્યપઠન કર્યું હતું. રમીલાએ લોકવાર્તા અને લોકગીત ગાયું હતું. અંજલિ પટેલ, મનિષા બારિયા અને લક્ષ્મી પટેલ દ્વારા કૃષ્ણલાલ શ્રીધરાણી કૃત 'ભથવારીનું ગીત' સાભિનય રજૂ કર્યું હતું. એમાં ટીમલી નૃત્ય પણ હતું. સમાપન વક્તવ્ય રમણ સોની અને રમણિક સોમેશ્વરે આપ્યું હતું. આ કાર્યક્રમમાં બળવંત પારેખ સેન્ટર, વડોદરાનો સહયોગ મળ્યો છે.

## અનુબંધ-૪

ભગતસાહેબના હુલામણા નામે જાણીતા આપણા મૂર્ધન્ય અને પ્રતિષ્ઠિત કવિ નિરંજન ભગતને મુંબઈની સંસ્થાઓ ઇમેજ પબ્લિકેશન્સ, ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ અનુબંધ, ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન, ફાર્બસ ગુજરાતી સભા, ભારતીય વિદ્યા ભવન, ભવન્સ કલ્ચરલ સેન્ટર અને સાહિત્ય કલા સંપદા જેવી મુંબઈની કેટલીક અગ્રણી સંસ્થાઓએ રવિવાર, ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના એસ. પી. જૈન સભાગૃહ, અંધેરી ખાતે સહિયારી આદરાંજલિ આપી હતી.

ટાગોરના એક સુંદર ગીતથી કાર્યક્રમનો આરંભ કર્યો હતો. સંચાલક પ્રબોધ પરીખે એમનાં દીર્ઘકાલીન સ્મરણો વાગોળીને ભગતસાહેબની અનન્ય કાવ્ય-પ્રીતિને કારણે ગુજરાતીમાં એમનું કેવું તો અનોખું સ્થાન છે તે લાક્ષણિક અને રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કર્યું હતું. વાર્તાકાર કિરીટ દૂધાતે પોતાની વિદ્યાર્થી-અવસ્થાથી જ નિરંજન ભગતથી કઈ રીતે અભિભૂત થયા-થી લઈને છેક પરિષદના કાર્યકાળને સંભાર્યો હતો. કવિ ઉદયન ઠક્કરે પણ હેતપૂર્વક એમને નગર-કવિ રહ્યા હતા. વરિષ્ઠ સાહિત્યકાર વર્ષાબહેન અડાલજાએ આર્દ્ર સૂરે ભગતસાહેબની પરિષદની મિટિંગમાં વીતેલી છેલ્લી ક્ષણોને વર્ણવી હતી. કમલ વોરા, હેમંત ધોરડા, અતુલ ડોડિયા અને હિતેન આનંદપરા દરેકે બે-બે કવિતાઓનું પઠન કર્યું હતું. રિન્કુ પટેલ અને કમલેશ મોતાએ ભગતસાહેબ દ્વારા અનુદિત ચિત્રાંગદાનું ગાન કર્યું હતું. નેવુંમા વર્ષે ભગતસાહેબે કરેલા કાવ્યપાઠની વીડિયો પણ દર્શાવવામાં આવી હતી. ઉપસ્થિત દરેક શ્રોતા પોતાની ભાષાના એક મહત્ત્વના અને પ્રિય કવિને ભારપૂર્વક અંજલિ આપતાં ભાવવિભોર થયો હતો.

## અનુબંધ-૫

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે કે. જી. એમ. વિદ્યાલય, ઝાડેશ્વર, ભરૂચમાં ઋતુના વધામણા અંતર્ગત કાવ્યપઠન લેખન અને ગદ્યપઠનનો એક કાર્યશિબિર ૧લી માર્ચ, ૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. જેમાં જયદેવ શુક્લ અને રાજેશ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ મીનલ દવે દ્વારા સારી રીતે સંપન્ન થયો હતો.

## રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા શ્રેણી અંતર્ગત સુવિખ્યાત સ્થાપત્યકાર બાલકૃષ્ણ દોશીએ તા. ૨૬-૧-૨૦૧૮ના દિવસે સાંજે ૬-૦૦ વાગે porosity paradox, practice my journey વિષય ઉપર ગુજરાતી સાહિત્ય

પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં પરિષદ મહામંત્રી પ્રફુલ્લ રાવલે પ્રસ્તુત વ્યાખ્યાનમાળા અંગેની ભૂમિકા બાંધી હતી. સુવિખ્યાત ચિત્રકાર અને સર્જકશ્રી ગુલામ મહમ્મદ શેખે એમના પરિચયમાં બાલકૃષ્ણ દોશીનો જીવન-સંઘર્ષ જણાવીને એક કાબેલ અને વિલક્ષણ સ્થપતિ તરીકે એમની ખૂબીઓ સ્પષ્ટ કરી હતી.

ત્યારબાદ બાલકૃષ્ણ દોશીએ વ્યાખ્યાનના પ્રારંભમાં એમના શિક્ષણ વિશે વાત કરીને સ્થાપત્યકલા પ્રત્યે રસ જાગવા પાછળના પ્રેરણાસ્રોત તરીકે એમના દાદાજી સાથેના કેટલાક યાદગાર પ્રસંગો કહ્યા હતા. અમેરિકન સુવિખ્યાત આર્કિટેક્ટ લૂઈ કહાલને ફ્રેન્ચ સુવિખ્યાત આર્કિટેક્ટ લૂ કાર્બેઝ પાસેથી પોતે સ્થાપત્ય વિશે શું શું શીખ્યા તે બધી હકીકતો ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. વ્યાખ્યાન દરમિયાન એમણે વિકાસપોષક જીવનશૈલીને અનુકૂળ જે કાંઈ સાધનો-સગવડોની કાયમી ધોરણે જરૂર હોય, જેમાં સામાજિક સાંસ્કૃતિક પરંપરાઓ સાથેના સંદર્ભો પણ વણાઈ જતા હોય તદુપરાંત માણસના વ્યક્તિગત જીવનની ખાસિયતો ઉપર પણ લક્ષ કેન્દ્રિત કરવામાં આવે, હવા-ઉજાસ અને પ્રાકૃતિક વાતાવરણને પણ અવકાશ રહે એ પ્રકારનાં ઘરો કે રહેણાંક મકાનોના સ્થાપત્ય પર ભાર મૂક્યો હતો. તદુપરાંત સંસ્થાઓ, શાળા-કૉલેજોનાં મકાનોના સ્થાપત્ય માટે એના રોજબરોજના વહીવટ માટે જરૂરી ઑફિસ, સ્ટાફરૂમ, વર્ગખંડો, ગાર્ડન વગેરે સ્થળોને જરૂરિયાત પ્રમાણે બાંધકામમાં વણી લેવા પાછળની દૃષ્ટિ ઉપર પણ ભાર મૂક્યો હતો. આ અંગેનાં સરદ ઉદાહરણો તરીકે એમણે મંચ પર ગોઠવેલા મોટા સ્ક્રીન પર અમદાવાદની પોળોનાં મકાનો દર્શાવ્યાં હતાં. પોળોની રચના તરીકે એમાંનાં રસ્તાઓ, ચોકઠાં, એમાંનાં વૃક્ષો, આમાંથી જીવંત થતી નગરસંસ્કૃતિ અને શહેરની પોળોના આ રચનાત્મક સર્જન પાછળનો સ્થાપત્યને સુસંગત સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિકોણ પણ એમણે સ્પષ્ટ કર્યો હતો.

આ ઉપરાંત બાલકૃષ્ણભાઈ સેપ્ટ, પી.આર.એલ, પોતાનું ઘર, પોતાની ઑફિસ, યુનિવર્સિટી પાસેની ગુફા, આઈ. આઈ. એમ. વગેરેનું પણ સ્થાપત્ય દર્શાવીને એની સાથે સંકળાયેલા પોતાના કાર્યાનુભવો કહ્યા હતા. સ્થપાત્ય અંગે પોતાનાં યુવાન વિદ્યાર્થી ભાઈ-બહેનોને પોતે આપેલા શિક્ષણના અનુભવો અને મહાવરા દ્વારા શિક્ષક તરીકે પોતાનામાં આવેલા પરિવર્તને વિદ્યાર્થીજગતમાં પોતાની લોકપ્રિયતા ઊભી કર્યાની પણ એમણે રસપ્રદ હકીકતો કહી હતી.

આમ એમના સમગ્ર વ્યાખ્યાનમાંથી સ્થાપત્યકાર તરીકેની એમની કાર્યનિષ્ઠા સાહિત્ય તથા લલિતકલા પ્રત્યેનો એમનો ઊંડો રસ અને અનેક મકાનોનાં એમણે કરેલાં સ્થાપત્યકાર્યોમાંથી, એમની આ વિષયની શિક્ષણસેવામાંથી એમની પ્રગટ થતી સામાજિક નિસબત જેવા એમના વ્યક્તિત્વને ઓપતા વિવિધ ગુણોની ઉપસ્થિત સૌ શ્રોતાઓને પ્રતીતિ થઈ. વ્યાખ્યાનની સમાપ્તિ પછી સર્વશ્રી અજય રાવલ, માધવ રામાનુજ, કુમારપાળ દેસાઈ, રઘુવીર ચૌધરી, ગુલામ મોહમ્મદ શેખ, હર્ષદ ત્રિવેદી વગેરેની બાલકૃષ્ણ દોશી સાથે પ્રશ્નોત્તરી થઈ. અંતમાં પરિષદના પ્રસારમંત્રી ડૉ. ભરત મહેતાએ આભારવિધિ કરી હતી.

**- મેહુલ ત્રિવેદી**

# શોકાંજલિ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત વિદ્યાપીઠ, કુમાર ટ્રસ્ટ, કવિલોક ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્યસભા, દર્શક ફાઉન્ડેશન, વિશ્વકોશ ટ્રસ્ટ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, નિરીક્ષક ફાઉન્ડેશન, ગુજરાત કેળવણી મંડળ, વ્યંજના (રાજકોટ), પ્રેમાનંદ સાહિત્યસભા (વડોદરા), ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ), અસાઇત સાહિત્યસભા (ઊંઝા), નર્મદ સાહિત્યસભા) (સુરત), સંસ્મૃતિ (ભૂજ), ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વિદેહ થયેલા આપણા સર્જકો નિરંજન ભગત, મહમ્મદઅલી અલવી અને જલન માતરીને શોકાંજલિ આપવા તા. ૫-૨-૨૦૧૮ના રોજ સોમવારે સાંજે ૫-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં શોકાંજલિ સભા યોજાઈ હતી. જેમાં હર્ષ બ્રહ્મભટ્ટે જલન માતરીને શ્રદ્ધાંજલિ આપતાં તેમની ગઝલોની અને અંગત વ્યક્તિત્વની ઝાંખી કરાવી હતી. શ્રી હર્ષદ ત્રિવેદીએ મહમ્મદઅલી અલવીને શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે પ્રકાશ ન. શાહ, ધીરુભાઈ પરીખ, ચંદ્રકાન્ત શેઠ, મનસુખ સલ્લા વગેરે અને પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ નિરંજન ભગતસાહેબને શ્રદ્ધાંજલિ આપી હતી. ભગતસાહેબ કેવા વિદ્વાન હતા અને તેમના જીવનની મહત્વની ખૂબીઓને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં 'સાચા શિક્ષક', 'આબોહવા', 'ગુરુ', 'વિદ્વાનોના વિદ્વાન', 'રવીન્દ્રપ્રેમી' વગેરે વિશેષણોના અધિકારી તરીકેની ઓળખાણ કરાવી હતી. આ સભામાં સદ્‌ગત જલન માતરી વિશેના શોકઠરાવનું વાચન શ્રી કીર્તિદા શાહે કર્યું હતું. સદ્‌ગત શ્રી મહમ્મદઅલી અલવીના શોકઠરાવનું વાચન શ્રી સમીર ભટ્ટે કર્યું હતું. સદ્‌ગત શ્રી નિરંજન ભગતના શોકઠરાવનું વાચન શ્રી ભરત મહેતાએ કર્યું હતું. સમગ્ર શોકસભાનું સંચાલન પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, નર્મદ સાહિત્ય સભા, સાહિત્ય સંગમ, રાષ્ટ્રીય કલાકેન્દ્ર, અ. હિંદ મહિલા પરિષદ – સુરત (બૃહદ) શાખા અને ચર્ચાપત્રી સંઘના સંયુક્ત ઉપક્રમે સ્વ. નિરંજન ભગત અને જ. જલન માતરી માટેની શ્રદ્ધાંજલિ-સભા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રનાં અધ્યક્ષપણા હેઠળ સુરતમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં શ્રી વિજય શાસ્ત્રીએ અને પ્રફુલ્લ દેસાઈએ ઉપરોક્ત સદ્‌ગત સાહિત્યકારોના પ્રદાનને બિરદાવ્યું હતું.જ્યારે સર્વશ્રી બકુલેશ દેસાઈ, ગૌરાંગ ઠાકર, રાજન ભટ્ટ અને પ્રેમ સુમેસરાએ વિવિધ કાવ્યો/ગઝલોનો પાઠ કર્યો હતો. આ પ્રસંગે સુરત શહેરના સાહિત્યકારો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

❑